શહેરમાં કાતિલ ગરમીનુ જોર યથાવત મહત્તમ તાપમાન ૪૨.૮ ડીગ્રી

ગઇકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાનમાં નજીવો ઘટાડો પરંતુ દિવસે અંગ દઝાડતી ગરમીથી નગરજનો આકુળ વ્યાકુળ

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં ગરમીનો મિજાજ આજે પણ ઉગ્ર રહ્યો હતો. આજે ગઇકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો થયો હતો પરંતુ દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીથી નગરજનો આકુળ વ્યાકુળ બન્યા હતા મહત્તમ તાપમાન ૪૨.૮ ડીગ્રી નોંધાયુ હતુ. શહેરમાં ગરમીનુ જોર યથાવત રહેતા નગરજનો હીટવેવના લીધે મુંઝારો અનુભવી રહ્યા છે. જયારે હજુ પણ ગરમીનુ જોર વધે તેવી સંભાવના છે.

ગાંધીનગરમાં ગરમીએ સૌને બેબાકળા કરી દીધા છે. છેલ્લા બે મહીનાથી ગરમીનો મિજાજ આક્રમક રહેવાથી નગરજનો ભઠ્ઠીમાં શેકાતા હોવાનો અહેસાસ કરી રહ્યા છે. કાતિલ ગરમીથી જનજીવન પ્રભાવિત છે. જયારે દિવસ દરમિયાન ગરમીની અસરથી બચવા માટે નગરજનો ઘરમાં પુરાયેલા રહેતા શહેરના જનજીવનમાં પણ ખાલીપો જોવા મળી રહ્યો છે. ગરમીની સિઝનમાં બે વાર મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી સુધી પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઇ છે. જયારે ગઇકાલે પણ ગરમીનો પારો અચાનક જ ૨ ડીગ્રી ઉંચકાતા મહત્તમ તાપમાન ૪૩.૫ ડીગ્રી પહોંચી ગયુ હતુ જેના લીધે આકાશમાંથી આગ વરસતી હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. અંગ દઝાડતી ગરમીએ નગરને બાનમાં લીધુ છે. ક્યાંય બહાર નિકળવાનુ પણ મન ન થાય તેવા આકરા હીટવેવથી જન આરોગ્ય પણ પ્રભાવિત છે. છેલ્લા એક સપ્તાહથી ગરમીનો પારો સામાન્ય ચઢઉતર સાથે જોવા મળી રહ્યો છે. જો કે આજે પણ ગરમીનો મિજાજ ઉગ્ર રહ્યો હતો. મહત્તમ તાપમાન ૪૨.૮ ડીગ્રી રહ્યુ હતુ જો કે ગઇકાલની સાપેક્ષમાં ગરમીમાં નહીંવત ઘટાડો રહ્યો હતો. મહત્તમ તાપમાન ૦.૭ ડીગ્રી નીચે આવ્યુ હતુ પરંતુ દિવસ દરમિયાન ફુંકાતા ગરમ પવનના લીધે આકરી લું નગરજનો માટે પરેશાનીનુ કારણ બની હતી મહત્તમ તાપમાન સતત ૪૧ ડીગ્રી થી ઉપર રહેતા આક્રમક ગરમીના લીધે શહેરીજનો મુંઝવણ અનુભવી રહ્યા છે. જયારે મહત્તમ તાપમાન ઉંચકાવાની સાથે લઘુત્તમ તાપમાન પણ ૨૯ ડીગ્રીની નજીક પહોંચી ગયુ છે. જેના લીધે હવે દિવસની ગરમી સાથે રાત્રિનુ તાપમાન પણ ગરમ બન્યુ છે. આજે પણ દિવસ દરમિયાન સવારથી જ ગરમીનુ મોજુ ફરી વળ્યુ હતુ. સતત ગરમીનુ જોર યથાવત રહેતા શહેરીજનોએ દિવસે આકરી લું માં શેકાયા હતા. બપોરના સમયે પણ અંગને દાહ આપતા તાપથી જનજીવન આકુળવ્યાકુળ બન્યુ હતુ. એપ્રિલની જેમ મે મહીનામાં પણ આકરી ગરમી વેઠવાનો વારો આવ્યો છે. જો કે હજુ પણ ગરમીનુ જોર વધે તેવી સંભાવના છે. અમદાવાદમાં પણ આજે ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ.

આજે અને કાલે યલો એલર્ટ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર-જિલ્લામાં તાપમાનનો પારો આવતીકાલે ૪૪ ડિગ્રી સુધી પહોંચે તેવા અનુમાન સાથે હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યુ છે.

હવામાન વિભાગે વનરેબલ લોકો માટે ચેતવણી ઉચ્ચારી છે કે લોકોને સતત પાણી મળી રહે તે જરૂરી છે. ખાસ કરીને વૃદ્ધો પણ બહાર નીકળવાનું ટાળે એટલુ જ નહિ માથે ગરમીના સીધા પ્રકોપથી બચવા માટે ટોપી ધારણ કરે તે જરૂરી છે.

આ વખતે ગરમીનો પ્રકોપ આરંભથી જ જોવા મળી રહ્યો છે. ગરમીના પ્રકોપને કારણે લૂ લાગવાના તેમજ ડાયેરીયાના કેસો વધ્યા છે પણ આરોગ્યતંત્રના ચાલી રહેલા આંદોલનને કારણે રિપોર્ટીંગ થઈ રહ્યુ નથી જેથી તંત્ર પણ આ સ્થિતિમાં લાચારીમાં મુકાયેલુ જોવા મળી રહ્યુ છે. જિલ્લામાં ગરમીના પ્રકોપને પગલે પેયજળ તેમજ વીજમાંગમાં પણ ભારેખમ વધારો નોંધાયો છે. ગાંધીનગર શહેરમાં તો સચિવાલયને સેન્ટ્રલી એસી બનાવવાની માંગ પણ કર્મચારી સંગઠ્ઠનો કરી ચુક્યા છે. ૧૦ અને ૧૧ મે ના અપાયેલા યલો એલર્ટને પગલે તંત્રએ પણ તેની સેવાઓના સઘનીકરણ પર ભાર મુકતી સૂચનાઓ જારી કરી છે. જોકે આ પછી તાપમાનમાં ક્રમશઃ ઘટાડો થઈ શકે છે. કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગે તો હવામાન પૂર્વાનુમાનમાં ૧૧મીએ જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. હવામાન પૂર્વાનુમાનની સંભાવના વ્યક્ત કરતાં લઘુત્તમ તાપમાન ૨૭-૨૮ ડિગ્રી સે. રહેશે તેમ જણાવ્યુ છે.

૧૫મા નાણાંપંચની ગ્રાન્ટના વપરાશ માટે આર.ઓ. પ્લાન્ટ અને ડસ્ટબીનની ખરીદીમાં ભ્રષ્ટ્રાચારની તપાસની માંગ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં ૧૫મા નાણાંપંચની જિલ્લાકક્ષાની ગ્રાન્ટના વપરાશમાં ભ્રષ્ટ્રાચારની ગંધ કોંગ્રેસના સભ્ય શનાભાઈ ચૌધરીને આવતાં તેમણે એક પત્ર લખી એજન્સીને વર્ક ઓર્ડર નહિ આપવા રજુઆત કરી છે.

શનાભાઈ ચૌધરીએ લખેલા પત્રમાં જણાવ્યુ છે કે ઘન કચરાના નિકાલ સારૂ ડસ્ટબીન ફાળવવાની રકમ ફાળવવામાં આવેલ છે. આ ટેન્ડર અખબારોમાં પ્રસિદ્ધ કર્યા વિના જ જેમ પોર્ટલ પરથી ખરીદીનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે આવુ બારોબાર કેમ કરવામાં આવ્યું તે સમજ પડતી નથી એટલુ જ નહી ડસ્ટબીન ખરીદી માટે કેટલી કંપનીઓએ ટેન્ડર જેમ પોર્ટલ પર ભર્યા અને તેની સંખ્યા કેટલી હતી.

પોર્ટલ પર સ્થાનિક એજન્સીઓએ ટેન્ડર ભર્યા હતા કે કેમ ? આ બધી વિગતો પંચાયતના સભ્ય તરીકે મેં માગી છે પણ હજુ સુધી આપવામાં આવી નથી.

આર.ઓ. પ્લાન્ટની ખરીદીમાં પણ સ્પેશીફીકેશન શુ મુકવામાં આવ્યા હતા તેની વિગતો ઉપલબ્ધ કરાવવામાં આવી નથી.

આર.ઓ. પ્લાન્ટ માટે કંપનીનો કોઈ ચોક્કસ ઉલ્લેખ કરાયો હતો કે કેમ ? સ્ટાન્ડર્ડ વગરની કંપની પાસેથી ખરીદવાનો નિર્ણય યોગ્ય નથી.

રૂ. ૫ લાખથી ૮ લાખ સુધીના કામો સરકારશ્રીના ઠરાવ મુજબ મજુર કામદાર મંડળી દ્વારા કામ કરી શકાય છે તો આ પદ્ધતિને અનુસરવામાં આવી હતી કે કેમ તેનો પણ પ્રત્યુત્તર આપવા જણાવ્યુ છે.

કોંગી સભ્યશ્રીને ડસ્ટબીન ખરીદી અને આર.ઓ. પ્લાન્ટની ખરીદી માટેની ટેન્ડર પ્રક્રિયાથી લઈ અત્યાર સુધીની થયેલી કામગીરીમાં ભ્રષ્ટ્રાચારની બુ આવતી હોવાથી વર્ક ઓર્ડર ન આપવા તેમજ સંપૂર્ણ પ્રકારનો યોગ્ય ખુલાસો કરવાની માંગ કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવી કરી છે. દરમ્યાન શનાભાઈ ચૌધરીએ જિલ્લા પંચાયતમાં જે રીતે ભ્રષ્ટ્રાચારે માઝા મુકી છે તેને લઈ પણ રોષની લાગણી વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યુ છે કે ભાજપના શાસનમાં આટલો બધો ભ્રષ્ટ્રાચાર જોઈ હવે મતદારો પણ પસ્તાવો કરી રહ્યા છે.

સત્યાગ્રહ છાવણી છલકાઈ - જુની પેન્શન યોજનાની માંગ સાથે વિવિધ કર્મચારી મંડળો અને મહામંડળો શિક્ષકોના વિવિધ સંઘો અને અન્ય કર્મચારી સંગઠનોના માધ્યમથી હજ્જારો કર્મચારીઓ સેક્ટર-૬ની સત્યાગ્રહ છાવણીમાં ઉમટ્યા હતા... નવી પેન્શન યોજના રદ કરી જુની પેન્શન યોજના યથાવત રાખવાની માંગણી દિવસે - દિવસે કર્મચારી આલમમાં તીવ્ર બનતી જાય છે... છેલ્લા ૪૮ કલાકમાં અનેક કર્મચારી મંડળોના માધ્યમથી કર્મચારીઓ પોતાની માંગણી ઉગ્રતાપૂર્વક રજૂ કરી છે... આજ સવારથી ગાંધીનગરના બધા જ પ્રવેશદ્વારોથી કર્મચારીઓના સમૂહો રાજ્યના અનેક જિલ્લાઓમાંથી ઉમટ્યા હતા... પાર્કિંગ હાઉસફુલ થઈ ગયું હતું... જ્યારે કાળઝાળ ગરમીમાં પીવાના પાણી માટે લાઈનો લાગી ગઈ હતી... આમ છતાં તમામ મોરચે વ્યવસ્થા સંતોષકારક રહી હતી... ઘ-માર્ગ પર ટ્રાફીકજામના દૃશ્યો વારંવાર સર્જાતા હતા.. સમગ્ર ગાંધીનગર જાણે વાઈબ્રન્ટ મોડ પર આવી ગયું હોય એમ ધમધમતું હતું...

વેકેશનમાં સલામત સવારીમાં ટ્રાફિક વધ્યો પરંતુ શહેરી બસ સેવા રૂટનુ સંચાલન ખોરવાયુ

સાંજના સમયે અપડાઉનકર્તાઓને કલાકો સુધી બસ મળતી નથી : સે -૨૮ અને અક્ષરધામ આવતા મુલાકાતીઓને પણ બસ માટે કલાકો સુધી વલખા મારવા પડે છે

ગાંધીનગર તા ૯

ગાંધીનગર એસ ટી ડેપોમાં હાલ ઉનાળુ વેકેશનના લીધે ટ્રાફિક વધ્યો છે. જેના લીધે સાંજના સમયે પણ ડેપોમાં વધુ ધમધમાટ જોવા મળે છે. પરંતુ હાલ શહેરી બસ સેવાના રૂટનુ સંચાલન યોગ્ય રીતે ન થતા સાંજના સમયે સેકટરોના વિવિધ રૂટની બસસેવાથી નગરજનો વંચિત છે. અગાઉ દોડતી સેકટરો મુજબની રૂટ સેવા અદ્રશ્ય થઇ ગઇ છે. જયારે સાંજે શહેરી બસ સેવા માટે અપડાઉનકર્તાઓ કલાકો સુધી વલખા મારતા નજરે પડે છે. જયારે આ સ્થિતિ વચ્ચે ગ્રામ્ય રૂટોની બસોમાં પણ ટ્રાફિક વધ્યો છે. ડેપો કક્ષાએથી ત્વરિત વેકેશનને અનુલક્ષી બસ સેવાના રૂટમાં જરૂરી ફેરફાર કરવાની અનિવાર્યતા છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં છેલ્લા કેટલાક સમયથી શહેરી બસ સેવાના રૂટોનુ સંચાલન ખોરવાઇ ગયુ છે. એકબાજુ વેકેશનનો સમયગાળો શરૂ થઇ ગયો છે. ત્યારે સાંજના સમયે નગરજનોને ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રૂટમાં બસ સેવા ખોરવાઇ ગઇ છે. છેલ્લા ઘણાં સમયથી નગરજનોને સાંજે અમદાવાદ તરફ જવા માટે બસ મળતી નથી. મુસાફરો કલાકો સુધી બસ સ્ટેન્ડ પર વલખા મારતા નજરે પડે છે. એકબાજુ ઉનાળુ વેકેશનના લીધે શહેરી બસ સેવામાં પણ ટ્રાફિક વધી ગયો છે. આ સ્થિતિ વચ્ચે ગાંધીનગરના સેકટરોમાં અગાઉ રૂટમાં દોડતી બસ પણ સેકટરના સ્ટેન્ડ પરથી ઉપલબ્ધ થતી નથી. ગાંધીનગરમાં અક્ષરધામ અને સે-૨૮ ના બગીચામાં આવતા સહેલાણીઓની સંખ્યા પણ વિશેષ છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી સેકટરના રૂટની બસ સેવા જ જાણે ખોરવાઇ ગઇ છે. કોરોના કાળમાં બસ સેવા રૂટો વિશેષ રીતે પ્રભાવિત થયા છે. જયારે લાંબા સમયના અંતે પણ સેકટરવાસીઓને નજીકના સ્ટોપ પરથી બસ મળે તેવી વ્યવસ્થા ગોઠવાઇ નથી. હાલ વેકેશનનો સમય ગાળો શરૂ થઇ ગયો છે. જેના લીધે ગાંધીનગર ડેપોમાં બહારગામના રૂટોમાં દોડતી બસોમાં પણ ટ્રાફિક વધ્યો છે. આ ઉપરાંત શહેરી બસ સેવામાં પર્પાપ્ત બસ સેવાના અભાવે નગરજનો

● અનુસંધાન પાન-૭ પર

વાઈ-ફાઈ સેવા અને સોલાર રૂફટોપના માટે જનજાગૃત્તિ ફેલાવવા તાકીદ

ગાંધીનગર, તા. ૯

રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વાઈ-ફાઈની સુવિધા ઉપલબ્ધ થાય તે દિશામાં પંચાયતના અધિકારીઓને સક્રિય થવા જણાવાયુ છે.

તાજેતરમાં પંચાયતના અધિકારીઓની મળેલી સમીક્ષા બેઠકમાં આ સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાઓના જે વિકાસ પામેલા અને થોડાક સમૃદ્ધ ગણાતા ગામોમાં વાઈ-ફાઈની સુવિધાના લાભાલાભ સમજાવી તેમને આ સેવા ગામમાં ઉપલબ્ધ થાય તે જોવું.

ગ્રામીણ વિસ્તારમાં આ પદ્ધતિને કારણે નેટવર્ક સક્ષમ બનશે તેમજ કોન્યુનિકેશન પણ ઝડપી બનશે. લોકોને ઈ.ગ્રામની સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થશે.

ગ્રામીણ વિસ્તારોમાં સોલાર રૂફટોપના અમલીકરણ માટે પણ વિશેષ અભિયાન હાથ ધરવામાં આવે એટલુ જ નહિ પંચાયત ઘરોમાં આ સોલાર રૂફટોપ લાગે તે પણ સુનિશ્ચિત કરવુ જોઈએ. આથી વીજળીની માંગમાં પણ રાહત થશે.

ગ્રામીણ મતદારોને ધ્યાને રાખી ૧૫ ઓગષ્ટ-૨૦૨૨ સુધીમાં વ્યક્તીલક્ષી યોજનાઓના નવા લાભાર્થીઓને લાભ પહોંચે તે માટે ખાસ અભિયાન પણ હાથ ધરવામાં આવે તેના પર ભાર મુકવામાં આવ્યો હતો. યોજનાના લાભાર્થીઓના ફોર્મ રિજેક્ટ ના થાય તે માટે જરૂર પડ્યે ખાસ તાલિમ આપવા પણ જણાવવામાં આવ્યું હતું.

જે ગામોમાં પંચવટીના કામો બાકી છે તેમાં ગતિ લાવવા તેમજ નવી પંચવટી બનાવવાને લઈ પણ કામગીરીને વેગીલી બનાવવા જણાવવામાં આવ્યુ હતુ.

ગામતળની જગ્યાઓ નીમ કરવા અંગેની દરખાસ્તો પણ ઝડપથી તૈયાર કરી જિલ્લાકક્ષાએ ઝડપી નિકાલ થાય ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં સફાઈની કામગીરી અસરકારક થાય તે જોવા સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મકાનોના મરામત માટે મોટા પેકેજ બનાવી કામ સોંપી દેવાતા નાના ઈજારેદારોની રોજી છીનવાઇ

આત્મ નિર્ભરની વાતો વચ્ચે મળતિયા એજન્સીને કામ સોંપી દેવાતા નાના કોન્ટ્રાકટરોમાં પ્રબળ રોષ : ટેન્ડરમાં પણ ખોટી શરતો રાખવામાં આવતા કોન્ટ્રાકટર એસોસિએશને માર્ગ મકાન વિભાગના મુખ્ય સચિવને રજુઆત કરી

ગાંધીનગર તા ૯

આત્મ નિર્ભર ભારત અને સ્કીલ ઈન્ડિયાની વાતો વચ્ચે ગાંધીનગરમાં જ દિવા તળે અંધારુ હોય તેવી સ્થિતિ નિર્માણ થઇ રહી છે. માર્ગ મકાન વિભાગમાં નાના મોટા કામો કરી તેમનુ તેમજ તેમની સાથે જોડાયેલા કામદારોને રોજગારી પુરી પાડતા નાના ઈજારેદારો માટે કોરોનાકાળ બાદ બાંધકામની ચીજવસ્તુઓના ભાવ વધારાના અંતે અન્ય એક નવી મુસીબત ઉભી થઇ છે. પાટનગર યોજના વિભાગ કક્ષાએથી આવાસ રીનોવેશન સહીતની કામગીરી અન્વયે નાની રકમના જુદા જુદા કામો સંદર્ભે અગાઉ અલગ અલગ ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવતી હતી જયારે હવે મોટી રકમનુ એક પેકેજ બનાવી એજન્સીને કામ સોંપી દેવાતા નાના કોન્ટ્રાકટરો મુંઝવણમાં મુકાયા છે. આ અંગે આજે કોન્ટ્રાકટરોએ એક જુથ થઈને નાના ઈજારેદારોનુ હીત

ધ્યાનમાં રાખવા માટે માર્ગ મકાન વિભાગના મુખ્ય ઈજનેરને રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં મોટાભાગના સરકારી આવાસો જોખમી હાલતમાં છે. જયારે હાલ આવાસોની ઘટને અનુલક્ષી સરકારી આવાસોનુ રીનોવેશન હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. જયારે આ કામગીરીને અનુલક્ષી તંત્ર દ્વારા મોટી રકમની એક જ ટેન્ડર પ્રકીયા હાથ ધરવાનો નિર્ણય લઇ એજન્સીને કામ સોંપી દેવાતા નાના કોન્ટ્રાકટરો માટે મુસીબત ઉભી થઇ છે. ગાંધીનગરના સરકારી કોન્ટ્રાકટર એસોસિએશનને આ મામલે મુખ્ય ઈજનેરને રજુઆત કરી તેમની માંગણીઓ પણ રજુ કરવામાં આવી છે. એકબાજુ છેલ્લા ઘણાં સમયથી કોરોનાના લીધે આર્થિક ફટકો સહન કર્યા બાદ સિમેન્ટ અને લોખંડ સહીતની ચીજવસ્તુઓના ભાવવધારાની પણ તેમના આ ધંધાને માઠી અસર થઇ છે. ત્યારે માર્ગ મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓની બદલાયેલી નિતીથી હવે કોન્ટ્રાકટરો માટે આત્મનિર્ભર રહેવાનુ મુશ્કેલ બન્યુ છે. કેન્દ્ર સરકાર સ્કીલ ઈન્ડિયાની વાતો કરે છે ત્યારે નાના ઈજારેદારો પણ બેકાર બને તેવી સ્થિતિ છે. જયારે આ સ્થિતિ વચ્ચે સેંકડો શ્રમિકોની રોજગારી પણ જોખમમાં મુકાઇ છે. આ અંગે એસોસિએશને માર્ગ મકાન વિભાગના અધિક સચિવને રજુઆતમાં જણાંવાયુ છે કે અગાઉ પાટનગર યોજના વિભાગ દ્વારા પેટા વિભાગની ઈન્કવાયરીના અલગ ટેન્ડરો બહાર પાડવામાં આવતા હતા. જયારે આ પ્રથા યથાવત રાખવામાં આવે તો નાના ઈજારેદારોની રોજગારી પણ જળવાય તેમજ આ મુજબ કરવાથી ઓછા સમયમાં વધુ કામ પણ થઇ શકે તેમ છે. મરામતના કામો સ્થાનિક ઈજારેદારોને મળે તે માટે પાટનગર યોજના વિભાગમાં રજીસ્ટ્રર હોય તેમને જ કામ મળે તેવી શરત પણ મુકવા પણ રજુઆતમાં જણાંવાયુ છે. રૂ ૭ કરોડથી નીચેના કામ માટે પ્રિકવોલિફીકેશન બીડ લાગુ ન હોવા છતા મળતિયાને કામ આપવા માટે ખોટી શરતો લાગુ કરવામાં આવે છે. જયારે દરેક સરકારી કચેરીની જેમ આર ટી જી એસથી ચુકવણા કરવાની પ્રથા પણ અમલી બનાવાઇ નથી. જેના લીધે

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com